કાલે સાંજે ચંદ્રદર્શન થાય તો શનિવારથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ

શહેરની ૪૪ મસ્જિદોને રોશનીનો શણગાર જુમ્માના મુબારક દિને જો ચંદ્ર દર્શન થાય તો પ્રથમ તરાવીહની નમાઝ : મુસ્લિમ સમાજમાં ઉત્સાહ

રાજકોટ તા.૨૫

મુસ્લિમ સમાજમાં જેનું સવિશેષ મહત્વ રહેલું છે તે પવિત્ર રમઝાન માસનો આવતીકાલે તા.૨૬ના શુક્રવારના સાંજે ચંદ્રદર્શન થાય તો શનિવારથી પ્રારંભ થનાર છે. રમઝાન માસને અનુલક્ષીને શહેરની ૪૪ જેટલી મસ્જીદોમાં રોશનીનો શણગાર કરવામાં આવેલ છે. તેમજ મુસ્લિમ સમાજમાં અનેરો ઉત્સાહનો માહોલ રમઝાન માસને અનુલક્ષીને જોવા મળી રહયો છે.

રાજકોટ શહેરએ કોમી એકતાનું અનેરૂ ઉદાહરણ પુરૂ પાડી રહયું છે. રમઝાન માસ શરૂ થવાના આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહયા હોય, મુસ્લિમ વિસ્તારોમાં મોડી રાત્રી સુધી ચહલ પહલ જોવા મળી રહી છે. રમઝાન માસ દરમ્યાન મુસ્લિમ બિરાદરો મસ્જિદોમાં પાંચ ટાઈમની નમાઝ અદા કરશે.

આવતીકાલે જુમ્માના મુબારક દિને ચંદ્રદર્શન થાય તો પ્રથમ તરાવીહની નમાઝ મુસ્લિમ બિરાદરો અદા કરશે. આ વખતે પણ ૩૦ રોઝા થાય તેવુ મુસ્લિમ બિરાદરો ઈચ્છી રહયા છે. આ પવિત્ર માસ દરમ્યાન મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ઉગ્ર તપશ્ચર્યા કરશે. તેની સાથો સાથ ગરીબ તેમજ યતીમ ખાનાના બાળકોને મુસ્લિમ સમાજના સદસ્યો દ્વારા જકાત ખેરાત કરવામાં આવશે.

રમઝાનને અનુલક્ષીને મુસ્લિમ સમાજ દ્વારા શહેરની મસ્જિદોમાં રોઝા રાખવામાં શહેરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ સાંજના સમયે રોઝા છોડવા માટે રોઝા ઈફતારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આવતીકાલે સાંજે જો કાલે ચંદ્રદર્શન થાય તો શનિવારથી વિધિવત રીતે રમઝાન માસનો પ્રારંભ થઈ જશે નહીતર રવિવારથી આ પવિત્ર માસનો પ્રારંભ થશે.

પ્રશ્ચિમ વિધાનસભા બેઠકમાં સતર મતદાન મથકો સામે વાંધા; ધારાસભ્ય ઈન્દ્રનીલની રાવ

મતદારોને મુશ્કેલી વધે તેવી સંભાવના વ્યકત કરી જીલ્લા ચુંટણી અધિકારીને રજુઆત

રાજકોટ તા.૨૫

રાજકોટ શહેરની પ્રશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કરાયેલા મતદાન મથકો સતર બુથની દરખાસ્તથી મતદારોને પારવાર મુશ્કેલી ઉભી થવાની સંભાવના ઉઠાવી ધારાભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ ગઈકાલે માન્ય રાજકિય પક્ષો સાથેની બેઠકમાં રજુઆતો કરી હતી.

રાજકોટના કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ જીલ્લા ચુંટણી અધિકારી સમક્ષ કરેલી રજુઆત એવા પ્રકારની છે કે,જીલ્લા કલેકટરરીની કચેરી તેમજ ચુંટણી શાખા દ્વારા તા.૨૪/૫/૧૭ ના રોજ મતદાન મથકોના પુનઃગઠન અંતર્ગત સુચનો અંગેની બેઠકમાં ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલભાઈ રાજગુરૂએ મતદાન મથકોનું બુથના મુસદો તેની યાદી પ્રમાણે વિધાનસભા ૬૯ ના વિવિધ બુથોમાં મતદારોને મતદાન મથક સુધી પહોચે તે મુજબ મતદાન મથક અને જે તે વિસ્તાર ખાસો દુર હોવાના લિધે મતદારોને ભારે વિટંબણા ઉભી થાય તેવી સંભાવના છે. જેથી તેમણે વિવિધ સુચનો કરે તે મુજબ જીલ્લા કલેકટરશ્રીની કચેરી દ્વારા પુનઃગંઠન સુધારા-વધારા માટે મુસદોની યાદી પ્રમાણે સુચનો કરવામાં આવેલ છે.

નવા સુધારા મુજબ બુથ નં.૨૩ રૂમ-૪, બુથ-૨૫ રૂમ-૬, બુથ-૫૦ વોર્ડ-૯, બુથ ૧૨૩ રૂમ-૩, બુથ-૧૧૮ (સંસ્કારધામ ઠકકરબાપા હરીજન વાસનો વિસ્તાર), પ્રાઈમરી સ્કુલ-૧૯ સરદારનગર, બુથ-૨૪૯ રૂમ-૩, બુથ-૪૫૦ કોટેચા સ્કુલ, બુથ૨૫૮-રૂમ-૧૮, બુથ-૮૬ રૂમ -૪, બુથ-૬૦ રૂમ-૪, બુથ -૯૭ સાધુવાસવાણી વિસ્તાર, બુથ-૮૮ રૂમ-૨, બુથ -૧૬ કન્યા વિદ્યાલય મતદાન મથક ક્રમાંક ૧૮૩.

આ અંગે ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજગુરૂએ જેતે વિસ્તારો બુથમાં દર્શાવેલા છે તે જીલ્લા કલેકટરશ્રીએ બહાર પાડેલ લીસ્ટમાં દર્શાવ્ગા મુજબ મતદારો બુથથી દુર રહે છે, જેથી મતદારોમાં પરેશાની તેમજ આફરા-તફરી ઉભી થાય તેવી સંભાવના છે તેથી અમે જણાવેલ મુજબ પુનઃગંઠન કરવામાં આવે તો લોકશાહીની મતદાન પ્રકિયા સરળતા પુર્વક થાય.

આ અંગે ધારાસભ્યની ઈન્દ્રનીલભાઈ રાજગુરૂએ તલશસ્પર્શી અભ્યાસ કરી સરકારશ્રી પ્રસિઘ્ધ કરેલ મુસદની યાદીમાં ફેરફાર કરી તેમાં સુધારા કરવા તાકિદીની અસસથી જણાવેલ છે.

પ્રભાત ફેરી

હરિનામ સંકિર્તન મંડળ દ્વારા તા.૨૭ને શનિવારે સવારે ૫ઃ૩૦ કલાકે કનૈયા ચોક, સામેની શેરીમાં રામેશ્વર મહાદેવ મંદિર પાસે, ભાનુભાઈને ત્યાંથી પ્રભાત ફેરી નીકળશે.

સાધારણ સભા

બાલકદાસ સોસાયટીની જનરલ મીટીંગ તેમજ વાર્ષિક સાધારણસભા તા.૪ને રવિવારે સાંજે ૪ કલાકે સોસાયટી ખાતે યોજાશે.

રવિવારે મુંજકામાં હોલ ઉદઘાટન પ્રસંગે મહેર સમાજનું સ્નેહમિલન યોજાશે

રાજકોટ તા.૨૫

રાજકોટના મુંજકા ખાતે સમસ્ત જાહેર સમાજનું સ્નેહ-મિલન રાખવામાં આવ્યું છે, જેમાં સમાજના અગ્રણીઓ સહીતના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

મુંજકા ખાતે મહેર સમાજ દ્વારા ક્રાઈસ્ટ કોલેજ સામે નિર્માણ પામેલા હોલના ઉદઘાટન પ્રસંગે રવિવારે તા.૨૮/૫ના રોજ સાંજે પાંચ કલાકે સ્નેહમિલન રાખવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહેર સમાજના તમામ લોકોને સપરિવાર પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉત્તર પ્રદેશની દલિત હિંસાના રાજકોટમાં ઘેરા પડઘા

ભીમ આર્મીના નેજા હેઠળ કાલે રેલી– આવેદન

ડો. બાબા સાહેબની પ્રતિમા હોસ્પિટલ ચોકથી કલેકટર કચેરીએ રેલી સ્વરૂપે જઈ આવેદન પત્ર અપાશેઃ આવેદનમાં અનેક માંગણીઓ

(તસવીર : અરવિંદ વાઘેલા)

રાજકોટ તા.૨૫

ઉત્તર પ્રદેશની દલિત હિંસાના પડઘા ઠેરઠેર પડયા છે. આ ઘટના અત્યંત ખેદજનક છે. ગુજરાતના મુખ્ય શહેરોમાં આવતીકાલે દલિત આગેવાનો કલેકટર કચેરીએ ઘટનાની વિરુઘ્ધમાં આવેદન પત્ર આપશે. રાજકોટમાં ભીમ આર્મીના નેજા હેઠળ કાલે રેલી તથા કલેકટરને આવેદન પત્ર અપાશે.

આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર ડો. સુનીલ જાદવ, દિલીપ શીંગરખીયા, એમ.સી. સોમા, એલ.બી. ભાસા તથા નરેશ પરમાર વગેરે આવેલા હતા.

ઉત્તર પ્રદેશના સહારનપુર અને શબીરપુર વિસ્તારોમાં થોડા કેટલાક દિવસોથી દલિતો પર ભયંકર અત્યાચારો શરૂ થયા છે. પોલીસની હાજરીમાં પચાસે દલિત પરિવારો પર હુમલાઓ થયા અને તેમના ઘર સળગાવી દેવામાં આવ્યા ઘરવખરીની તોડફોડ, વાહનોમાં તોડફોડ અને મહિલાઓની બેઈજજતી અને દલિતોની બંદુક અને તલવારો દ્વારા હત્યા સહિતના આવા દલિત અત્યાચારના બનાવોનો સમગ્ર દેશમાં અને ઉત્તર પ્રદેશમા ઉગ્ર પડઘો પડયો છે.

ગત તા.૨૧ મે ના રોજ ભીમ આર્મી દ્વારા દિલ્હીના જંતરમતર ખાતે વિરોધ પ્રદર્શન થયું હતું. જેવા ચંદ્રશેખર આઝાદ અને જિજ્ઞેશ મેવાણીએ દલિત અત્યાચારનો વિરોધ કરી યોગી સરકારને તાત્કાલીક દલિતોની સુરક્ષા માટે જરૂરી કદમ ઉઠાવવાની માંગ કરાઈ હતી. છતા ત્યાંની સરકાર કે પોલીસના પેટનું પાણી ન હલ્યું ગઈકાલે ફરીથી ઉત્તર પ્રદેશમાં દલિતો પર ઘાતકી હુમલો થયો જેમાં ફાયરીંગ અને તલવારના ઘાથી એક યુવાનને મોતને ઘાટ ઉતારી દેવાયો અને બીજી વીસથી પરચીસ દલિતોને ગંભીર ઈજાઓ થઈ છે.

યોગી ભારતમાંથી ઉઠી રહયો છે અને વિવિધ જગ્યાએ વિરોધ પ્રદેશનો શરૂ થઈ ગયા છ. રાજકોટના દલિત આગેવાનો પણ આવતીકાલે સવારે 'ભીમ આર્મી રાજકોટ' ના નેજા હેઠળ એકઠા થઈ બાબા સાહેબની પ્રતિમા હોસ્પિટલ ચોકથી કલેકટર કચેરીમાં રેલી સ્વરૂપે જઈ આવેદન પત્ર આપી પોતાનો વિરોધ નોંધાવશે. આ આવેદન પત્રમાં નીચે મુજબની માગણીઓ કરાશે.

૧) ઉત્તર પ્રદેશમાં દલિત અત્યાઆર માટટે જવાબદાર સરકારને ઘરભેગી કરી ત્યાં રાષ્ટ્રપતિ શાસન લગાવવામાં આવે. ૨) ઉત્તર પ્રદેશ દલિત અત્યાઆર માટે જવાબદાર ગુંડાઓને તાત્કાલીક પકડી જેલહવાલે કરવામાં આવે.

(૩) દલિતોને નવા મકાનો બાંધી દેવામાં આવે અને તેમના માટે રોજગારીની વ્યવસ્થા તથા આર્થીક સહાય તુરંત ચુકવવામાં આવે.

(૪) ભીમ આર્મી અને તેના યુવા નેતા ચંદ્રશેખર આઝાદ (રાવણ) કે જે લોકો દલિતોને જાગૃત કરવાનું અને તેમના સંરક્ષણનું કામ કરે છે તેમની ઉપર ઉત્તર પ્રદેશ પોલીસે જે ખોટા ગૂન્હા દાખલ કર્યો છે તે પરત લેવામાં આવે.

(૫) જવાબદાર પોલીસ અધિકારીઓને પણ સસ્પેન્ડ કરી સહઆરોપી બનાવી જેલહવાલે કરવામાં આવે.

આ અને આવી અનેક માંગણીઓ સાથેનું એક આવેદન પત્ર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજયપાલ ઉત્તર પ્રદેશ વગેરેને સંબોધી કલેકટર રાજકોટને સુપ્રત કરવામાં આવશે અને દેશમાં દલિતો પર અત્યાચારો તાત્કાલીક બંધ થાય તેવી માંગણી કરવામાં આવશે.

ડો. સુનિલ જાદવ આવતીકાલે સરકારને એવોર્ડ પરત કરશે

રાજકોટ તા.૨૫

ગુજરાત અને સમગ્ર ભારતના દલિતોની પ્રગતિ ઉન્નતિ ઈચ્છતા અને દલિતોને સમાજના મુળ પ્રવાહમાં ભેળવી સામાજિક સમાજતાના બાબા સાહેબના સ્વપ્નને સાકાર કરવા સતત કાર્યરત એવા જાણીતા લેખક– પત્રકાર અને દલિત કર્મશીલ સરકારની દલિત વિરોધી નીતિથી ખફા છે. ઉના દલિત ડો. સુનીલ જાદવ અત્યાચાર બાદ દલિતોના ઉત્થાન કે પુનર્વશનની કોઈપણ પ્રકારની કામગીરી ગુજરાત સરકારે ન કરી હોવાથી ડો. સુનીલ જાદવે ગત તા.૨૬ જાન્યુ.ના રાજકોટમાં હજારો દલિતોને એકઠા કરી 'દલિત સ્વાભિયમાન સંમેલન' દ્વારા દલિતોની માંગણી સરકાર સમક્ષ મુકી હતી. જેનો કોઈ હકારાત્મક પ્રતિભાવ ન કળતા ડો. સુનીલ જાદવે તેમને ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીના વિભાગ દ્વારા ળેલ 'મહાત્મા જયોતિબા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ પરત કરવાની ઘોષણા કરી હતી.

આજે ગુજરાત સરકાર ગુજરાતના દલિતોના ઉત્થાન માટે કોઈ નકકર કાર્યવાહી કરી નથી રહી ઉલટાનું દલિતોના ઉધ્ધાર માટેની જોગવાઈ એવી અનામત મિટાવવાના પ્રયત્નો કરે છે. અનામત નીતીનો વિવિધ વિભાગની ભર્તીઓમાં ખુલ્લેઆમ ભંગ થઈ રહયો છે. અનેક સંગઠનો સંસ્થાઓ દ્વારા ફરીયાદ કરવા છતા આ બાબતે કોઈ હકારાત્મક પ્રતિભાવ સરકાર તરફથી મળી રહયો નથી.

ઉપરાંત ઉત્તર પ્રદેશમાં દલિતો પર ભયંકર અત્યાચારો થઈ રહયા છે. ગુંડાઓને સરકર અને પોલીસે દલિતો પર અત્યાચાર કરવા માટે જાણે કે ખુલી છુટ આપી છે. આવા દલિત વિરોધી સરકારી માહોલથી નારાજ થઈ ડો. સુનીલ જાદવ આવતીકાલે પોતાને મળેલ એવોર્ડ તથા એવોર્ડની રાશીનો ચેક કલેકટર દ્વારા ગુજરાત સરકારને પરત આપશે.



બાલભવન દ્વારા અંગ્રેજી અને ગુજરાતી અક્ષર સુધારણાનો વર્કશોપ યોજાયો

બાલભવન દ્વારા ૫ થી ૧૬ વર્ષના બાળકો માટે બુધ્ધિગમ્ય, મનોરમ્ય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંગ્રેજી તથા ગુજરાતી અક્ષર સુધારણાના વર્કશોપ યોજવામાં આવેલ હતો. તેમજ બાળકોના પોતાના હેન્ડરાઈટીંગ સુધારવા માટે ઘનશ્યામભાઈ માંગુકિયાએ સહયોગ આપેલ હતો.

જિલ્લા અનુ.જાતિ મોરચા મહામંત્રીશ્રી હરેશભાઈ મકવાણાનો આજે જન્મદિવસ

રાજકોટ જિલ્લા અનુ.જાતિ મોરચાના મહામંત્રીશ્રી મકવાણાનો આજરોજ જન્મદિવસ છે. તેઓએ ૪૩ વર્ષ પૂર્ણ કરી ૪૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. બાળપણથી જ સમાજ સેવાને અગ્રતા આપી સેવાને પોતાનો જીવનનો મંત્ર બનાવી દીધેલ છે. પોતાની કુશળતા અને વ્યવહારીકતા થી રાજકીય ક્ષેત્રે અને સામાજીકક્ષેત્રે બહોળી લોહચાહના ધરાવતા શ્રી હરેશભાઈ મકવાણા પોતે વ્યવસાયે એડવોકેટ–નોટરી છે અને ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને ખંતથી કાર્યરત છે. જેઓ પડધરી તાલુકાના અમરેલી ગામના વતની છે. તેઓના જન્મદિવસે તેમના મિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો અને ભાજપના કાર્યકર્તા તરફથી (મો.૯૪૨૬૪ ૭૩૫૧૦) પર શુભેચ્છાઓ મળી રહી છે.

માનવ કલ્યાણ મંડળ દ્વારા મહિલા ગૌરવ એવોર્ડનો કાર્યક્રમ યોજાશે

રાજકોટ તા.૨૫

માનવ કલ્યાણ મંડળ દ્વારા કલેકટર વિક્રાંત પાંડેના સંયુકત ઉપક્રમે પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત, સુરક્ષા સેતુ સોસાયટી, જિલ્લા પોલીસ વડા અંતરીય સુદ તેમજ મહાનગર પાલીકા કમિશ્નર બંછાનીધી પાનીના સહયોગથી મહિલાઓ માટે બેટી બચાવો અભિયાન અંતર્ગત મહિલા ગૌરવ એવોર્ડ ૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજન મહિલા પીંક ઓટો રીક્ષા પ્રોજેકટના પુર્ણતા સંસ્થા માનવ કલ્યાણ મંડળ દ્વારા બેટી બચાવો અભિયાન અંતર્ગત મહિલા જાગૃતી શીબીર યોજાશે. જેમા કોઈ પણ ક્ષેત્રે શ્રેષ્ઠ અન વિશિષ્ટ કામગીરી કરેલ મહિલાઓને મહાનુભાવોની હસ્તે મહિલા ગૌરવ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે. જે કોઈ મહિલાઓએ ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ હોય તેને પોતાની અરજી પત્રક સંસ્થાની ઓફિસ માનવ કલ્યાણ મંડળ, જ ગંગા જમુના સરસ્વતી ટાવર, એકતા પ્રકાશન પાસે તા.૭ સુધીમાં આપવાનું રહેશે.

આજે હનુમંત આરાધના

કપીલા હનુમાનજી ચૈતન્ય ધામ, આજી નદીના કાંઠે શનિદેવની જયંતી નિમિતે આજે રાત્રીના ૯ થી ૧૧ સુધી હનુમંત આરાધના સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

વોર્ડ નં.૬ના ભીમરાવનગર શેરીઓમાં પેવિંગ બ્લોકનું ખાતમુહુર્ત કરતા જાગૃત કોર્પોરેટર દેવુબેન જાદવ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્માર્ટ સિટી બનવાવા વિકાસના કાર્યો આરંભયા છે. ત્યારે વોર્ડ નં.૬ના ભીમરાવનગર શેરી નં.૧૪,૧૫,૧૮,૧૯ પર અંદાજીત રૂપિયા ૧૨ લાખના ખર્ચે પેવિંગ બ્લોકનું ખાતમુહુર્ત ગાર્ડન સમીતીના ચેરમેન દલસુખભાઈ જાગાણી, વોર્ડ પ્રમુખ ઘનશ્યામભાઈ કુગશીયા, પુર્વ ડે. મેયર વલ્લભભાઈ દુધાત્રા, તથા લતાવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ગુજરાત રાજપુત ક્ષત્રિય સંગઠન રાજકોટ દ્વારા

રવિવારે મહારાણા પ્રતાપની ૪૭૭મી જન્મ જયંતિ ઉજવાશેઃ શોભાયાત્રા

સોરઠીયાવાડી સર્કલ મહારાણા પ્રતાપની પ્રતિમાનું પૂજન, પુષ્પાંજલી અને શોભાયાત્રા જેવા ધાર્મિક કાર્યક્રમોઃ શોભાયાત્રામાં સાફા, તલવાર સાથે રાજપુતો જોડાશેઃ રાજપુત સમાજના આગેવાનો 'સાંજ સમાચાર' કાર્યાલયની મુલાકાતે

રાજકોટ તા.૨૫

હિંદના સમગ્ર રાજપુત પ્રેરણા સ્ત્રોત અને ક્ષત્રિય ધર્મ અને હિંદુત્વના રક્ષણ માટે પોતાની શાહ, સૌરત, રાજ–પાટ અને પોતાની જાતનું બલિદાન અર્પી દેનાર મહાન રાજપુત યોધ્ધા શ્રી મહારાણા પ્રતાપ જન્મજયંતિ નીમીતે તા.૨૮, રવિવાર ના રોજ શ્રી ગુજરાત રાજપુત ક્ષત્રિય સંગઠન તથા રાજસ્થાન રાજપુત યુવા સંઘ દ્વારા શ્રી મહારાણા પ્રતાપ જન્મ જયંતિ નીમીતે મહાઆરતી તથા શોભાયાત્રા કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

મેવાડના દાજીરાજશ્રી સિસોદિયા રાજપૂત કુળ વંશજ શ્રી મહારાણા પ્રતાપની ૪૭૭ જન્મજયંતિ વિક્રમ સંવત ૨૦૭૩ના ચૈત્ર સુદ ૩ ને રવિવાર તા.૨૮ના રોજ સવારે આઠ કલાકે સોરઠીયા વાડી સર્કલ મહારાણા પ્રતાપ પ્રતિમાનું પુજન, મહાઆરતી, પુષ્પાંજલી અને મહારેલી, શોભાયાત્રાનું આયોજન કરાયું છે.

રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા ઉજવાતા આ દિવ્ય પ્રસંગે રાજપુત સમાજના અગ્રણી દોલુભા ડોડીયા (માધાપર) તથા અખિલ ગુજરાત નાડોદા રાજપુત સમાજના પ્રમુખ માવજીભાઈ ડોડીયા, પ્રમુખ વિક્રમસિંહ પરમાર ગુર્જર ક્ષત્રિય સમાજ તથા રાજસ્થાન રાજપુત યુવા સંઘ ચેરમેન ગજેન્દ્રસિંહ રાઠોડ, પ્રમુખ જોગીંદરસિંહ રાઠોડ તેમજ મારૂ રાજપૂત સમાજના પ્રમુખ ચંદુભા ચૌહાણ (આશાપુરા ટ્રાવેલ્સ) બેડીપરા રાજપુત સમાજના પ્રમુખ રમેશસિંહજી ચૌહાણ, સમસ્ત કારડીયા રાજપુત સમાજના પ્રમુખ જયસિંહ રાઠોડ, રામનાથપરા રાજપુત સમાજના પ્રમુખ મહેશસિંહ રાજપુત તથા રાજપુતપરા (મનહરપ્લોટ) સમાજના પ્રમુખ અરૂણસિંહ સોલંકી,

શ્રી નાડોદરા રાજપુત સમાજ રાજકોટના પ્રમુખ જીણાભા ચાવડા તેમજ ગુજરાત રાજપુત ક્ષત્રિય સંગઠનના ચેરમેન જગમાલસિંહ હેરમા તથા કાર્યકારી પ્રમુખ મનોજસિંહ ડોડીયા, ગુજરાત રાજપુત ક્ષત્રિય સંગઠનના સંગઠન મંત્રી ચંદુભા પરમાર, ગુજરાત રાજપુત ક્ષત્રિય સંગઠનના પ્રમુખ બલદેવસિંહ સિંધવ, અજયસિંહ રમાર કોર્પોરેટર કિશોરસિંહ રાઠોડ મહામંત્રી શહેર ભાજપ, નાનજીભાઈ ડોડીયા, કારોબારી સદસ્ય જિલ્લા પંચાયત રાજકોટ, રમણીકભાઈ ચૌહાણ પ્રમુખ તાલુકા પંચાયત પડધરી વિક્રમસિંહ અજીતસિંહ રાઠોડ, કારોબારી સદસ્ય તાલુકા પંચાયત પડધરી, પ્રતાપસિંહ ચૌહાણ કુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, અનિરુધ્ધસિંહ ડાભી, વાજોડ લો તા.પં., ખીમજીભાઈ ડોડીયા– પડધરી તાલુકા પંચાયત સદસ્ય, ચંદુભા ડોડીયા, પ્રમુખ ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજ પડધરી લક્ષ્મણસિંહ સિંધવ, ડિરેકટર રાજકોટ લોધીકા સંઘ, રાજસ્થાન રાજપુત યુવા સંઘના આગેવાન ભીમસિંહ પઢીયાર અમરસિંહ

વોર્ડ નં.૧ ની જુદી-જુદી સોસાયટીમાં પેવરકામનો શુભારંભ

રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧માં લાભદિપ સોસાયટી શેરી નં.૧, રાજશકિત સોસાયટી એપ્રોચ રોડ, અક્ષર્નારગર શેરી નં.૪, તથા શાસ્ત્રીનગર શેરી નં.૨૦ ના પાર્ટમાં રૂા.૧૩.૪૯લાખના ખર્ચે પેવરકામનો ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ ના હસ્તે શ્રીફળ વધારી શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે વોર્ડ નં.૧ ના કોર્પોરેટર બાબુભાઈ આહિર, દુર્ગાબા જાડેજા, અંજનાબેન મોરજરીયા, મંત્રી ચારુબેન ચૌધરી, રસિકભાઈ બદ્રકિયા, કાનાભાઈ સતવારા, પરેશભાઈ સખીયા, રામદેવભાઈ આહિર, દેવાયતભાઈ ડાંગર, હરિભાઈ લોખીલ, હસુભાઈ ચુડાસમા, બબઈભાઈ કથી, યુજરાજસિંહ ચુડાસમા, કમલાબેન આહિર, તેમજ વિસ્તારના ભાઈઓ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

વજન

(પહેલા પાનાનું ચાલું)

આ આર્ય એકલો જ જમી જતો હતો. ૧૯૦ કિલોગ્રામ પર પહોંચી ગયેલા વજનને કારણે આર્ય ઉભો પણ થઈ શકતો નથી. તેની આ સ્થિતિ જોઈને ત્યાંના ડોકટરો પણ આઘાતમાં છે. તેમણે ડાયટિંગથી આ બળ કનું વજન ઉતારવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળતા મળી નહીં. આખરે તેના પર બે કલાક લાંબું સ્લીવ ટાઈપ ગેસ્ટ્રેકટમી નામનું ઓપરેશન કરવામાં આવ્યું. એમાં તેનું વજન ૧૫ ટકા જેટલું ઓછું થઈ રહયું છે. પરંતુ હજીયે તે ખાસ્સો ઓવરવેઈટ છે એટલે આગામી સમયમાં પણ તેની વધુ સર્જરીઓ કરવી પડશે.

જયુબીલી

(છેલ્લા પાનાનું ચાલું)

આ ઘટના અંગે મહાપાલિકામાંથી મળતી વિગતો મુજબ આજે બપોરે એસ્ટેટ ઈન્સ્પેકટર નયન ઈન્દ્રપ્રસાદ ઠાકર (ઉ.૫૫) જયુબીલી શાકમોર્કેટ રોડ ઉપર નીકળ્યા હતા. આ સમયે મોર્કેટવાળા રસ્તે રેંકડીના દબાણ જોતા બે રેંકડી જપ્ત કરીને ટેમ્પોમાં ચડાવી હતી. આ સમયે કેરીના ધંધાર્થીઓએ માથાકુટ કરી હતી અને રેંકડી ઉતારી લેવા પ્રયત્ન કર્યો હતો. આ વાત ઝપાઝપી સુધી પહોંચતા તુરંત વિજીલન્સ પોલીસને જાણ કરવામાં આવી હતી. તે દરમ્યાન ધંધાર્થીઓએ આ ઈન્સ્પેકટર પર હુમલો કરતા આંખમાં ઈજા થઈ હતી અને રેંકડી ઉતારીને ધંધાર્થીઓ ભાગી ગયા હતા.

એ ડીવીજન અને વિજીલન્સ પોલીસનો સ્ટાફ તાબડતોબ સ્થળ પર ગયો હતો અને બંદોબસ્ત મુકી દીધો હતો. ઈજાગ્રસ્ત કર્મચારીને ૧૦૮માં સિવિલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે હુમલો કરીને ભાગી જનારા શખ્સોની શોધખોળ કરી હતી પરંતુ બજાર સુધી મળ્યા ન હતા. બાદમાં કર્મચારીને સીવીલના આંખ વિભાગમાં સારવાર આપવામાં આવી હતી. આ સમયે કર્મચારી યુનિયનના અગ્રણીઓ બી.બી. જાડેજા, દિલીપ ધગત વિગેરે પણ હોસ્પિટલ પહોંચી ગયા હતા. તેમના જણાવ્યા મુજબ કાલાવાડ રોડ ઉપર પ્રેમ મંદિર પાછળ રવિ પાર્ક-૧માં રહેતા નયન ઠાકર ફરજ પર હતા અને દબાણ હટાવવાનું કામ કરતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. સારવાર લીધા બાદ એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ આ રોડના દબાણો હટાવવામાં મનપા તંત્ર દાયકાઓ બાદ સફળ થયુ હતું. એક સમયે અહીંથી રીક્ષા પણ નિકળી શકતી ન હતી પરંતુ હવે અહીંથી સીટી બસ પણ પસાર થાય છે. આમ છતા શાકમોર્કેટ રોડ પર હજુ ફુટની લારીઓ અને બકાલાના પથારા રહે છે. હોકર્સઝોન પણ મોર્કેટ સાથે છે. ફુટ હોકર્સઝોન તંત્રએ બનાવ્યો હતો પરંતુ ધંધાર્થીઓ ત્યાં ન જતા આ યોજના ફેઈલ ગઈ હતી. દરમ્યાન રસ્તા પર રહેતા દબાણો અંગે સતત ફરીયાદો પણ આવે છે. ત્રણેક વર્ષ પહેલા એસ્ટેટ અધિકારી ઉપર હુમલો પણ થયો હતો. આ વિસ્તાર દબાણની દૃષ્ટિએ સંવેદનશીલ પણ છે. એ દરમ્યાન આજે કર્મચારી પર હુમલો થતા વધુ એક વખત રસ્તા પર ભાગદોડ થઈ પડી હતી.

સેવાસેતુ

(છેલ્લા પાનાનું ચાલું)

હોય, ટોળુ આવ્યું હતું અને અધિકારીઓ પાસે જવાબ માંગ્યો હતો. વિજય વાંક, સંજય અજુડીયા સહિતના કોંગી કોર્પોરેટરો પણ લોકોની ફરિયાદ પહોંચાડી હતી.

દરમ્યાન પ્રશ્નો વચ્ચે ભાજપના વિસ્તારના કાર્યકરે ભાજપનો પ્રચાર કરતા સુત્રોચ્ચાર કર્યા હતા. આથી વિજય વાંકે આ કાર્યક્રમ પક્ષનો નહી પરંતુ સરકારી હોવાનું કહીને આવો પ્રચાર બંધ કરવા કહયું હતું. પરંતુ બોલાચાલી અને માથાકુટ થતાં મામલો ધગધગી ગયો હતો અને વિજય વાંકે આ કાર્યકરને ચારેક લાફા મારી દીધા હતા. ઘટનાથી સ્થળ પર સોંપી પડી ગયો હતો. પરંતુ આશ્ચર્યજનક રીતે આ ઘટના અધિકારીઓના ધ્યાન પર આવી ન હતી.

રાજકીય પ્રચાર કરતા લાફાવાળી કર્યાનું સ્વીકારતા વિજય વાંકે જણાવ્યું હતું કે આ વોર્ડમાં કોંગ્રેસના ચારેય કોર્પોરેટર ચૂંટાયેલા છે. સેવાસેતુના કેમ્પ અંગે નગરસેવકોને વહેલી જાણ કરવામાં આવે તો લોકોને માહિતી પહોંચાડી શકે છે. પરંતુ કોંગ્રેસનો વોર્ડ હોય, રાજકીય કિન્નાખોરીથી તેઓને ગઈકાલે સાંજે કેમ્પની જાણ કરવામાં આવી હતી. આમ છતાં લોકોના કામ થતા હોય, તેઓ હાજર હતા.

વધુમાં કેમ્પમાં રાજકીય પ્રચાર કરવાનો પ્રયાસ થયો હતો. ગઈકાલે તો કર્મચારીઓ અને અધિકારીઓ પણ ભાજપની ઝંડી લગાવતા જોવા મળ્યા હતા. આ રીતે આવા કાર્યક્રમ રાજકીય ફારસ જેવા બની રહે છે. તમામ સરકારી ખાતામાં અટકેલા કામો અહીં લોકો કરાવી શકે છે. આથી તેની સામે કોઈને વાંધો હોતો નથી. પરંતુ રાજકારણ શરૂ થતાં આવી પ્રવૃતિ ચાલવા દેવામાં ન આવે તેમ પણ વિજય વાંકે જણાવ્યું હતું.

ચોમાસુ

(પહેલા પાનાનું ચાલું)

સાયકલોનીક સ્થિતિ બની છે તેની ભારત પર બહુ અસર થશે નહી પણ દિલ્હી- એનસીઆર- મધ્ય ભારત અને પશ્ચીમ ભારતમાં ઉષ્ણતામાન ઉંચુ રહેશે. જયારે રાજસ્થાન અને ઉતર મધ્યપ્રદેશના ક્ષેત્રમાં ધૂળની આંધી જોવા મળશે.

ચોમાસુ વહેલું

દેશમાં ચોમાસાનું આગમન વહેલું થાય તેવી શકયતા છે. ભારતીય હવામાન વિભાગે તા.૩૦ મે પુર્વે જ કેરાળામાં ચોમાસુંબેસી જાય તેવી સંભાવના વ્યક્ત કરી છે. આ રાજયમાં બે દિવસથી સારો વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આંદામાન નિકોબારમાં ચોમાસુ વહેલુ આવી ગયું છે અને તેની પ્રગતિ પણ સારી છે.

બીજી તરફ ઓસ્ટ્રેલીયન હવામાન વિભાગે જાહેર કર્યુ કે વર્તમાન વાતાવરણની સ્થિતિ જોતા ચાલુ વર્ષના બીજા માસીક ગાળામાં અલનીનોની સ્થિતિ વધુ નબળી પડી શકે છે. પેસીફીક સમુદ્રમાં તાપમાન ગરમ છે પણ પહેલાની તુલનાએ ઓછું ગરમ છે તેથી અલનીનોની સંભાવના ઘટી ગઈ છે. જો તાપમાન વધવાના સંકેત હોય તો અલનીનોનો ભય રહે છે.

એરોપ્લેન

(પહેલા પાનાનું ચાલું)

થયેલા જણાયા હતા. બે એક એલઈડી સ્ક્રીન પર ઘસરકા પાડવામાં આવ્યા હતા.

તેજસમાં હેડફોનની કિંમત બાબતે અધિકારીએ જણાવ્યું હતું કે એ બહુ ખર્ચાળ નથી. ૯૯૨ સીટવાળી ટ્રેનની સસ્તામાં સસ્તી ટિકીટ રૂા.૧૧૮૫ (એરકાર, ખોરાક વગર) છે, જયારે મોંઘી ટિકીટ એકઝીકયુટીવ કલાવતી રૂા.૨૭૪૦ છે.

હેડફોન નહીં અપાયાની ફરિયાદ ઉપરાંત કેટલાક મુસાફરોએ વાઈફાઈ એકટીવ નહીં હોવાનું પણ જણાવ્યું હતું.

યાત્રા પ્રવાસ

રેલ્વેમાં ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકતા, ગંગાસાગર, સાઈટ સીન, જમવા રહેવા સાથે ઉપડશે–૨૫/૭ ભીખુભાઈ મજીઠીયા–૯૪૨૮૬ ૯૯૭૬૩ (૫૫૦૮૦)

જોઈએ છે

સ્ટાફ જોઈએ છે

ફાસ્ટફુડ દુકાનમાં કામ કરી શકે તેવા કારીગર જોઈએ છે. મો. ૯૫૧૦૮ ૯૬૨૬૯ (૫૫૦૮૨)

વેચવાનું છે

શો રૂમ વેચવાનો છે

મોબાઈલ, સર્વિસ સેન્ટર રેડીમેઈડ, કલીનીક માટે જલારામ ચોકમાં, ૯૪૦૮૯૨૪૫૧૮ (૫૫૦૮૪)